

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આકાશી વચનોનાં ઢંઢેરાનો થશે કહેર,*
*ખાલીખમ નહેરોમાં પણ ઉઠશે લહેર!*
*મહેર યે લપોડશંખોની રાજકારણમાં -*
*ગામડાં પડી ભાંગ્યાં ને રણમાં ખિલ્યાં શહેર!!*
*(દંભી વિકાસ)*

હાઈકુ

*પોલાં વચન!*
*ને પિટાસે ઢંઢેરા -*
*ફૂંકે બણગા...*
*(કોને દીધા ને તમે બાકી?)*

*દેખાશે હવે*
*આ સ્વાર્થી શાહમૃગો*
*પાંચ વરસે...*
*(ખોવાઈ જશે રાજકીય રણમાં)*

### ચિંતન

*ન ભક્ષયન્તિ તે ત્વર્થાન ન્યાયતો વર્ધયન્તિ ચ ।*
*નિત્યાધિકારાઃ કાર્યાસ્તે રાજ્ઞઃ પ્રિયહિતે રતાઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ટમેંટમાંથી લેવામાં આવેલ છે.**

**રાજયધન ન હરનારા (ખાયકી ન કરનારા) ન્યાય પરાયણ તથા રાજાના હિતને પ્રિય માનીને રાજયની સમૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહેવાવાળા સચ્ચરિત્ર અધિકારીઓ ને સ્થાયી પદ પર નિયુક્ત કરવા.**

**એનાથી ઉલટું જે લોકો પ્રામાણિક છે, નિષ્ઠાવાન છે. રાજયની સંપત્તિને પોતાની સંપત્તિ માની એનું રક્ષણ કરે છે, એનો સદુપયોગ કરે છે તેમ જ પોતાનાં કાર્યો વડે રાજયની સમૃદ્ધિમાં વધારો કરે છે એવા અધિકારીઓને આચાર્ય ઉચ્ચ પદે નિયુક્ત કરવાની સલાહ આપે છે.**

### સુવિચાર

- વેદ જ્ઞાન સ્વરુપ છે ને ભગવાન વિજ્ઞાન સ્વરુપ છે - **આપ્તસૂત્ર**
- દૃઢ નિશ્ચયથી કરેલો સંકલ્પ જીવનના સફળતાના દરવાજા પર લાગેલા તાળાને ખોલવા માટેની ચાવી છે - **મુક્તા મેઘા**
- તમે આવો અને સન્માન મળે એના કરતા તમે જાઓ અને તમારી ખોટ વર્તાય એવું કામ કરજો - **એસ. ભટ્ટાચાર્ય**
- 'નિંદા' તમારા જીવિત હોવાની નિશાની છે, 'પ્રશંસા' તો મર્યા બાદ જ થાય છે- **અખંડ આનંદ**
- શું 'જતું' કરવું અને શું 'જાતે' કરવું, એ સવાલ જો ઉકેલાઈ જાય તો સ્વર્ગ અહિંયા જ ઊભું થઈ જાય - **ફુલછાબ**
- સામેની વ્યક્તિ જરા વધુ પડતી ભોળી હતી, એથી જતમે ચતુર કહેવાયા, એ વાતને ભૂલશો - **સુરેશ દલાલ**
- આજનું ઔષધ : જવના લોટમાં તલનું તેલ અને ઠંડી છાશ મેળવી લેપ કરવાથી ખંજવાળમાં રાહત થાય છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એક નવયૌવના પતિ પરદેશ ગયો હોઈ વિરહમાં સુકાઈ ને કાંટો થઈ ગઈ હતી. પતિ પરદેશથી પરત આવવાના દિવસે નિષ્ઠુર સાસુ-સસરા નવયૌવનાને ઘરે મૂકી ને એકલાં એકલાં દીકરાના સામૈયામાં ચાલ્યા ગયા.

પ્રેમદીવાની યૌવનાથી સહન ન થયું અને તે પણ દોડતી પતિને મળવા નીકળી પડી. આ વખતે અકબર બાદશાહ શિકારેથી પાછા ફરતા સંધ્યા ટાણેની મગરિબની નમાજ પઢવા ગલીચો પાથરીને બેઠો હતો. પેલી બાઈ ઉતાવળમાં એ ગાલીચા પરથી પસાર થઈ ગઈ. એના પગની ધૂળથી ગાલીચો રજે ભરાયો. બાદશાહ ગુસ્સે થયો, 'પેલી બાઈને પકડી હાજર કરો.' હુકમ કર્યો. નવયૌવનાને બાદશાહે પૂછ્યું, 'આવી બેઅદબી કરનાર તું હતી.' પેલી યૌવનાએ જવાબ આપતા કહ્યું, 'જહાંપનાહ, મને ખબર નથી. હું તો મારા પતિની મિલનની પળો આવવાની છે એ વિચારે મગ્ન હતી. કદાચ હું જ હોઉં આપનો કિંમતી ગાલીચો બગાડનાર. પણ હજૂર ! આપ એ વખતે શું કરતા હતાં?' 'બાદશાહે કહ્યું, 'હું નમાજ પઢતો હતો.'યૌવના કોની નમાજ? અલ્લાહની? છતાં આપે મને જોઈ ? આપે રજોટાયેલા ગાલીચો જોયો ? એક માટીના માનવીના પ્રેમમાં હું મસ્તાન બની ને દુનિયાના બાદશાહને ભૂલી ગઈ, તો આપ નવાજમા હતા ને મારા જેવી નાચીજ ઓરતની હસ્તી વીસરી શક્યા નહિં ? હજૂર ! દીવાના થયા વગર કોઈ દેવ અંતરમાં આવતી નથી.

અકબર બાદશાહ ચૂપ થઈ ગયો અને ઈશારાથી યૌવનાને જતા રહેવાની સૂચના આપી.

# મુદ્દાઓના સ્થાને મહિમાગાન

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણીના પહેલા તબક્કાની ૮૯ બેઠકોના ઉમેદવારોનું ભાવિ ઈવીએમ મશીનોમાં સીલ થઈ ગયું છે અને હવે બીજા તબક્કાની બાકી રહેલી બેઠકો પર રાષ્ટ્રીય નેતાઓનો ધુઆંધાર પ્રચાર ચાલી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની તમામ કુશળતા, વાક્છટા અને હાથવગા સંશાધનોનો બેશુમાર વ્યય કરી ભાજપની સત્તા ટકાવી રાખવાનો પુરુષાર્થ કરી બતાવ્યો છે એમ કોંગ્રેસના સર્વોચ્ચ નેતા તરીકે સ્વયંભૂ પ્રસ્થાપિત થઈ ગયેલ રાહુલ ગાંધીએ પણ ચૂંટણી પ્રચારનો નવો વિક્રમ સર્જ્યો છે. વિધાનસભાની અગાઉ થયેલી ચૂંટણીઓમાં વડાપ્રધાનનો રોલ મર્યાદિત રહેતો જયારે આવ વખતે વડાપ્રધાને પોતાની પ્રતિષ્ઠાનો સવાલ સમજીને લોકલ નેતાની જેમ આખું ગુજરાત ધમરોળી નાખ્યું છે. રાહુલ ગાંધી પણ એમને જ અનુસર્યા છે. પ્રાદેશિક નેતાઓને સાવ જ હાંસિયે ધકેલી દઈ એમને પ્રચારનો ભાર પોતાના જ ખભે ઊંચકી લીધો છે. આમ આ વખતની ચૂંટણી જાણે ગુજરાતના નેતાઓની ન હોય બલકે મોદી અને ગાંધી વચ્ચેની સીધી ટક્કર હોય એવી છાપ ઊપસે છે. અલબત્ત સ્થાનિક પ્રશ્નો, જ્ઞાતિવાદી સમીકરણો અને ઉમેદવારની અંગત પ્રતિભા પણ મતદાતાઓને પ્રભાવિત કરે જ છે, તે મુદ્દો ઉમેદવારોની પસંદગી વખતે બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષોએ ધ્યાનમાં લીધો જ હોય. રાહુલ ગાંધીએ યુવાનેતાઓને વધુ પડતું મહત્ત્વ આપ્યું એથી જૂનાજોગી પણ બહારના ઉમેદવારોના મુદ્દે સ્થાનિકોની નારાજગી પણ વહોરવી પડી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અલબત્ત 'નો રિપીટ' થિયરીમાં વિશ્વાસ ધરાવતા હતા પરંતુ એમને ગુજરાતની ગ્રાઉન્ટ રિયાલિટીનો અણસાર આવતાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને છૂટો દોર આપી દીધો હોય એમ લાગે છે. આથી આશ્ચર્યકારક કહી શકાય તે હદે જૂના ઉમેદવારોને ફરી વાર મેદાનમાં ઉતારવાની તક સાંપડી છે. કોંગ્રેસની શરુઆત ખૂબ આશાસ્પદ રહી, પછી ઉમેદવારોની પસંદગીમાં યુવા નેતાઓના ઉમેદવારો તેમજ રાજયસભા વખતના બેંગલોરિયા વફાદારોને સાચવી લેવાનું ઘણું કાચું કપાઈ ગયું. ઓછામાં પૂરું મોદી જેની કાગડોળે રાહ જોતા હતા તેવા પ્રચાર મુદ્દા પણ આપી દીધા. આથી પહેલા તબક્કાની પૂર્વ સંધ્યાએ મોદી અને શાહ પાસે ગુજરાતની અસ્મિતાના અપમાનનો મુદ્દો જ ભાષણબાજીના કેન્દ્ર સ્થાને રહ્યો. ચૂંટણીના પહેલા તબક્કામાં મતદાન પણ ઊંચું રહ્યું છે, જો કે ૨૦૧૨ની સરખામણીએ થોડું ઓછું છે. પણ જે રીતે પાટીદાર આંદોલનનો હાઉ ઊભો થયો હતો, એ જોતાં પરિણામ કોની તરફેણમાં રહેશે તે કળવું મુશ્કેલ છે. બે રાષ્ટ્રીય નેતાઓ જેટલું જ ધ્યાન હાર્દિક પટેલની જાહેરસભાઓ દ્વારા ખેંચાયું તેનું સૌથી મોટું પ્રમાણ એ કે એની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. ભાજપના મુખ્યમંત્રી વિજય રૂપાણી, સ્પીકર રમણલાલ વોરા અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની જેમ કોંગ્રેસના અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ, તુષાર ચૌધરી, અને પરેશ ધાનાણી જેવા ધુરંધરોનું ભાવિ પણ પહેલા તબક્કામાં નક્કી થઈ ગયું છે. ઈવીએમ અને વીવીપેટમાં ગરબડોની ફરિયાદો વચ્ચે પહેલો તબક્કો શાંતિપૂર્વક સંપન્ન થયો છે તે જ ઘણી મોટી વાત છે. બીજા તબક્કામાં પણ બેઉ પ્રતિસ્પર્ધી પક્ષો રહી ગયેલી કસર પૂરી કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જયાં જાય છે ત્યાંની પ્રજા સાથે કનેકટ થવાના મીઠામધ સંબંધો યાદ કરતા ફરે છે. હિંમતનગરમાં પોતે સાયકલ પર ફરતા હતા એની યાદ અપાવી. ચૌદમી તારીખે 'પહેલા નમો પછી જમો' નું સૂત્ર અપનાવવાની વિનંતી કરીને એમને ગુજરાતની ચૂંટણી ગુજરાતના નેતાઓ નહીં પણ પોતે લડી રહ્યા છે એવી પ્રતીતિ કરાવી છે. રાહુલ ગાંધી ગુજરાતના પૈતૃક વારસાનો હવાલો આપી શકે એમ હતા પરંતુ એમની પાસે મોદી જેવી નાટકીય રજૂઆતની ક્ષમતા જ કયાં છે? એ બિચારા મુદ્દા-મુદ્દા કરતા ફરે છે, પ્રશ્નોના જવાબ માગે છે, અને મોદી આરામથી 'મોદી-મોદી' નો મંત્ર ભણતા-ભણાવતા રહે છે. એકંદરે આખી ચૂંટણી રાજકીય મહારથીઓની હવાઈ વાતોથી ખરડાઈ ગઈ છે.

# લોકસંસ્કૃતિનો વારસો ઠાગા લોકનૃત્ય

કલ્પેશ ચૌહાણ

ઠાગા એ કલ્યાણપુરા ગામનાં ઠાકોર કોમના ભાઈઓનું આ લોકનૃત્ય છે. આ નૃત્ય હોળીના તહેવાર ઉપર કરવામાં આવે છે. હોળીના દસ દિવસ બાકી હોય ત્યારે ગામનાં ભાઈઓ ગામના ચોક (ખુલ્લા મેદાન)માં ભેગા થાય છે અને ચોકમાં ઢોલ, નગારાં, શરણાઈ જેવા વાંજિત્રો વગાડે છે અને એમાંથી એક ભાઈ ગરબી ગાય છે. બાકીના ગરબીના બોલ ઝીલે છે એમ ગાય છે...

મારો હીં. કો મેવાસી વણજારો...
હો... વે... હો... વે... મેવાસી વણજારો....
વણજારો રે...
ટેંબા તળાવની પાળે... હે ભાઈ... ભાઈ (૨)
વણજારો પોથ ઢાળી રે... વણઝારા રે...

એમ લહેંકાથી ગાય છે. પછી ગરબી પુરી થયા પછી બધાં જ ભાઈઓ પોતપોતાના હાથમાં બે-બે ફૂટની નાની લાકડીઓ (દાંડીયા) લઈ ગરબાની જેમ ગોળાકાર એકબીજાની લાકડી (દાંડીયા) અડાળીને ગોળ ગોળ રમે છે. એમાંથી કેટલાક ભાઈઓ જુદી જુદી વેશભૂષા કરીને આવે છે. જેમ કે આદિવાસી, વણજારા - વણજારણનું, રબારી-રબારણ, શેઠ અને વાણિયાનું, તો કેટલાક ભાઈઓ સ્ત્રીઓના શણગાર સજીને રૂપરૂપનો અંબાર થઈને ભાઈઓ સાથે નૃત્ય રમે છે.

આ નૃત્યની અંદર બાળકોથી માંડીને વડીલો સુધી ભાગ લે છે. ગામનાં બાકીના લોકો પોતપોતાનું સ્થાન લઈ નિહાળે છે. આ નૃત્ય દસ દિવસ ચાલતું હોય છે. ધૂળેટીના દિવસે માતાજીની ઉજવણી કરી આ નૃત્યને વિરામ આપવામાં આવે છે.

આથી અહીંના લોકો પોતાનો તહેવાર આનંદ-ઉલ્લાસથી ઉજવે છે અને પોતાની સંસ્કૃતિનો વારસો પેઢી - દર પેઢી આ લોકસંસ્કૃતિનો વારસો આપે છે અને તેમણે પોતાની વસિયતની જેમ લોકસંસ્કૃતિ સાચવી રાખઈ છે. આમ ઠાગા નૃત્ય એ લોકસંસ્કૃતિની સ્મૃતિ અપાવે છે.


- kalpesh193@gmail.com

# આપણી ફરજ શું છે તે આપણે જાતે જ સમજી તેનું પૂરેપૂરું પાલન કરીએ

'આ દેશમાં લોકોને કેન્દ્રમાં રાખનાર જે મહાપુરુષો થઈ ગયા તેમાં શ્રીકૃષ્ણ સૌથી મહાન હતા. સોનાની દ્વારિકામાં રહ્યા છતાં પણ તેઓ વ્રજવાસી ગોવાળિયાને વીસર્યા નહોતા, પોતાની ગાયોને વીસર્યા નહોતા. તેમને સામાન્યજનો તરફથી જે પ્રેમ મળ્યો તે તેમને મહેલાતોમાંથી નથી મળ્યો.'

*- મનુભાઈ પંચોળી*

સમગ્ર રાષ્ટ્રમાં આજે ચૂંટણીની લહેર છવાયેલી છે ત્યારે આ દેશને કેવા પ્રકારનો નેતા, કેવો શાસક જોઈએ તેવી ચર્ચા દરેક નાના-મોટા સર્કલમાં વ્યાપક રીતે ચાલી રહી છે. ભારત દેશ એ પરંપરા અને સંસ્કૃતિનો મહાન વારસો ધરાવનાર દેશ છે. અનેક મહાપુરુષોએ આ દેશનો આદર્શ શાસક કેવો હોવો જોઈએ તેના સચોટ ઉદાહરણ જીવંત સ્વરુપે જ દુનિયા સમક્ષ જીવી બતાવ્યા છે. ચૂંટણી સમયે મોટા-મોટા વાયદાઓ અને ત્યારબાદ પોતાની એશ-આરામની જિંદગીમાં જીવતા સામાન્ય જનને સાવ ભૂલી જ જવું એવા નેતા હોવા તે દેશનું દુર્ભાગ્ય ગણાય. દેશ માટે, સમાજ માટે, રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવના અંતરમાં પ્રગટે તો જ ચૂંટણીમાં ઝંપલાવવું એવો દૃઢ નિર્ધાર કરવો દરેક નેતાની નૈતિક ફરજ ગણાય.



આપણા દેશના તમામ નેતાઓ ચૂંટાઈને આવ્યા બાદ કયા કયા કાર્યોને પ્રાથમિકતા આપવી અને કયા કાર્યો ત્વરિત ગતિએ કરવા તેનું એક લિસ્ટ બનાવીને તેનો ઝડપથી નિકાલ કરવાની શરુઆત કરે તો જ આખી સિસ્ટમને સુંદર અને વ્યવસ્થિત બનાવી શકાય. પરંતુ, મોટા ભાગના લોકોનું એમ માનવું હોય છે કે હજી ઘણો સમય છે માટે આરામથી અને રાબેતા મુજબ જ કામ કરવું. શ્રી ગુણવંત શાહે 'સામ્પ્રત' ત્રિમાસિકમાં એક સુંદર વાત લખી છે :

'કથા એવી છે કે યુધિષ્ઠિર બેઠા હતા ઈન્દ્રપ્રસ્થના રાજા તરીકે અને એક ભિખારી એમની પાસે ભીખ માંગવા આવ્યો. યુધિષ્ઠિર કામમાં હતા એટલે કહ્યું : 'કાલે સવારે આવજે, હું તને આપીશ.' ભિખારી ચાલવા માંડ્યો. ભીમે જોયું કે ભિખારી આવ્યો અને ભિખારીએ યાચના કરી, મોટાભાઈએ કહ્યું કે, 'કાલે આવજે સવારે...' એટલે ભીમે એક ઢોલક ઉપાડ્યું મોટું, અને ઢોલક વગાડતો વગાડતો ઈન્દ્રપ્રસ્થ ભણી જવા માંડ્યો. યુધિષ્ઠિરને નવાઈ લાગી કે આ શું છે ? એટલે એણે કહ્યું : 'તુ કેમ આ ઓચિંતુ ઢોલ લઈને જવા માંડ્યો ?' ભીમે જવાબ આપ્યો : 'મોટાભાઈ, હું ઈન્દ્રપ્રસ્થના નગરજનોને જણાવવા માંગુ છું કે યુધિષ્ઠિરે કાળ પર વિજય મેળવ્યો છે.' તો યુધિષ્ઠિર કહે : 'કેમ તું એમ કહે છે ? મેં તો કાળ પર વિજય નથી મેળવ્યો.' તો કહે, 'તમે ભિખારીને કાલે આવવાનું કહ્યું. તમને ખાતરી છે ને કે કાલે તમે હશો ? અને તમે કાલે હો કદાચ, પણ ભિખારી હશે એની ખાતરી છે ? એ મરી પણ જાય. બીજી વાત, કાલે તમે એને થોડી સોનામહોર આપી શકો એટલી સોનામહોર તમારી પાસે હશે જ એવું તમે કેમ માની લીધું ! આ ચાર સવાલ ભીમે પૂછ્યા. ભીમ તત્ત્વજ્ઞાન માટે જાણીતો નથી. પણ એણે યુધિષ્ઠિરને પણ ભણાવ્યા.'



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

તમે લોકતંત્રમાં પ્રવેશો ત્યારે તમારી ફરજને જ જીવનનું પ્રાધાન્ય બનાવો અને કયાંક ચૂક થાય તો આ પ્રકારે ભીમ જેવા સહાયક મિત્રો પણ રાખો કે જે તમને તમારી સાચી ભૂલ દર્શાવી શકે. આપણે ત્યાં નેતાની સાથે જીહજૂરી કરનારી આખી ટીમ મોજૂદ રહે છે. પણ સાચા અને કટુ વેણ કહી શકનાર એક વ્યક્તિનું હોવું પણ એટલું જ જરૂરી છે. આપણે જે ભૂમિ પર વસીએ છીએ તે માતૃભૂમિનું ઋણ અદા કરવાનો એક ઉત્તમ અવસર પ્રાપ્ત થવો એટલે નેતા કે શાસક બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું અને ઉત્તમ કક્ષાના માનવીઓ એટલી જ ઉત્તમ કક્ષાના વિચારો પણ ધરાવે છે. આપણે ચાલુ પગારે અઠવાડિયાની રજા મળી હોય ત્યારે તેનો શો ઉપયોગ કરવો એ વિશે ચર્ચા અને ચિંતન કરતા હોઈએ તો જેને પાંચ વર્ષ માટે ચૂંટીને શાસક બનાવવાના હોઈએ તેના વિશે પૂરતો અભ્યાસ કે તપાસ શા માટે નથી કરતા ? જેટલી ફરજ નેતાની કે શાસકની સમાજ અને દેશ પ્રત્યે છે તેટલી જ આપણા સૌની પણ તેમને સાવચેતીથી પસંદ કરવાની અને ચૂંટાઈને આવ્યા બાદ તેમની પીસેથી કઈ રીતે કામ કરાવવું તે જોવાની છે. અને આ માટે આપણે પણ પીઢ બનતા શીખવું પડશે. બીજા કોઈને ખોટા પુરવાર કરવાની જરૂર અનુભવ્યા વિના જ આપણે આપણી સચ્ચાઈ વિશે સંતોષ લઈ શકીએ - ત્યારે આપણા પીઢપણાનો આરંભ થયો ગણાય.

તો આવો, લોકશાહીના આ મહાપર્વને પરિપૂર્ણ કરવાના પ્રયાસો સંપૂર્ણપણે શરુ કરીએ. સૌ સાથે મળીને સમાજ, દેશ અને આપણા સૌની પ્રગતિ માટે કટિબદ્ધ બનીએ. આપણી ફરજ શું છે તે આપણે જાતે જ સમજીએ અને તેનું પૂરેપૂરું પાલન પણ કરીએ.

**Last Seen**

સાચું બોલવાનો આગ્રહ રાખનાર માણસ બિલકુલ નિર્દોષ હોય તો પણ દુ:ખી થાય, એવો રુગ્ણ સમાજ આપણે કહેવાતા ધર્મની ઓથે રચી બેઠા છીએ. સર્વત્ર ઓચ્છવઘેલી, લાભઘેલી, અને લોભઘેલી ધાર્મિકતાનો જયઘોષ સંભળાય છે, પરંતુ પ્રામાણિકતાનું અરુણ્યરૂદન ભાગ્યે જ કાને પડે છે.

*- ગુણવંત શાહ*

- nehalgadhavi101@gmail.com

# ચૂંટણીમાં જાહેરનામા ભંગ બદલના ગુન્હાની માહિતી

## ઉમેદવાર તથા રાજકિય પક્ષોએ પાલન કરવા માટેની આચાર સહિતા



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ચૂંટણીમાં શાંતિ, સલમાતી તથા કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ પોલીસનું છે તે માટે શાંતિ ભંગ ના થાય તેવા યોગ્ય લાગે તે જાહેરનામાં અશાંત વિસ્તારમાં તથા ઉમેદવારોએ કેવી રીતે વર્તન કરવું તે અંગે જીલ્લા પોલીસ વડા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તથા જરૂર પડે તો ચૂંટણી કમિશ્નર આચાર સહિતા બહાર પાડી તેના પાલન માટે જાહેરનામા બહાર પાડે છે જેનું જનતા તથા ચૂંટણીના ઉમેદવારોએ, નેતાઓએ પક્ષના વડાએ ચુસ્તપણે પાલન કરવાનું હોય છે. જાહેરનામા ભંગ બદલ ચૂંટણી કમિશ્નરે જે અધિકારીઓને ફરજ સોંપેલ હોય તેવા પોલીસ અધિકારી સહિત ફરીયાદ કરી શકે છે, ધરપડક કરી નામદાર કોર્ટમાં રજુ કરી શકે છે. નામદાર કોર્ટ જામી ઉપર છોડવા જરૂરી શરતોનુસાર હુકમ કરે છે પરંતુ મંદ ગતિએ ચાલતા અંગ્રેજ સમયના કાયદામાં સુધારો તથા સમય માંગી લે તેમ છે. જાહેરનામા ભંગની આવી ૩૦૦૦ જેટલી ફરીયાદો નામદાર કોર્ટમાં પુરાવા, સાક્ષીના અભાવે કાઢી નાંખવા માટે નીચલી કોર્ટના જજને આદેશ કરેલ છે.

હાલના સંજોગોમાં પોલીસે જાહેરનામા ભંગની ફરીયાદો નોંધવાનું બંધ કરેલ છે જેને ખાતાના વડાએ બહાર પાડેલ જાહેરનામાનું પાલન ના કરે તેને ખાતાના અધિકારીઓ જ ફરીયાદી બની નામદાર કોર્ટમાં રજુ કરે છે આવી કાયદાકિય ફરીયાદો નોંધવાનું પોલીસે બંધ કરતા આ કાયદાકીય મર્યાદાની અસર હવે ચૂંટણીમાં જોવા મળે છે.

ચૂંટણીમાં સામાન્ય દેખાતી પણ કાયદો-વ્યવસ્થાની દ્રષ્ટીએ મહત્વની બાબતો માટે જાહેરનામા બહાર પાડી નહિ શકાય તો કાયદો વ્યવસ્થા પોલીસ કેવી રીતે જાળવશે બધી જગ્યાએ ચૂંટણી પંચના અધિકારીઓ ઓબ્ઝર્વરો પહોંચી શકવાના નથી.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫(૧) ની જોગવાઈ મુજબ જાહેર સેવકના હુકમનો ભંગ થયાનું જણાય તો જાહેર સેવક તરફથી સબંધીત કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હોય તે સીવાય કોઈપણ કોર્ટ દ્વારા કલમ ૧૮૮ ના ગુન્હાનું કોગ્નીઝન લઈ શકાતું નથી. કલમ ૧૮૮ મુજબનો ગુન્હો પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવતો નથી હુકમ બહાર પાડનાર અધિકારી કે જાહેર સેવકે જાતે જ સબંધીત હુકમ ધરાવતી અદાલતમાં લેખીત ફરીયાદ દાખલ કરવાની હોય છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૮૮ મુજબની ફોજદારી પ્રક્રિયા શરૂ કરવા માટે કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવાની કાર્યવાહી નિરર્થક બાબત હોવાની કાયદાકિય જોગવાઈની નોંધ રાખવા જણાવવામાં આવે છે તેથી જાહેરનામા બહાર પડે અને તેનો ભંગ થાય તો ફરીયાદ સીધી જ કોર્ટમાં આરોપી વિરૂધ્ધ તેમજ જાહેરનામું ભંગ કરનાર સામે સબંધીત અધિકારી દ્વારા જ દાખલ કરવામાં આવશે.

હવે પ્રશ્ન એ થાય છે કે જાહેરનામાનો વિકલ્પ શું?

મતદારોને ઉમેદવારો કે તેના સમર્થકો દ્વારા રાવ રંજાડ કરવાની સામે થતી કાર્યવાહી ઉમેદવારો અને પક્ષો દ્વારા સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી જ લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી છે ત્યારબાદ લાઉડસ્પીકર દ્વારા પ્રચાર કરવામાં આવશે તો ગુન્હેગાર સામે જાહેરનામા ભંગની ફરીયાદ સબંધીત અધિકારી કોર્ટમાં દાખલ કરી પરવાનગી મેળવી મુદ્દામાલ જપ્ત પણ કરી શકે છે .

પ્રચાર પ્રસાર દરમ્યાન માન્ય ઉમેદવાર તથા તેના પક્ષના ૧૦ થી વધુ વાહનો રાખી શકાય નહિ અને જો ૧૦ થી વધારે વાહનો રાખી રેલી યોજે તો અટકાવી વહાન જપ્ત કરી શકે છે .

ચૂંટણી દરમ્યાન દારૂ તથા નશાયુક્ત પદાર્થ વેચાણ તથા આપ-લે સામે તથા લોભ લાલચ કે કેશ વહેંચવા સામે પ્રતિબંધ છે. સામાન્ય કરતા વધારે રોકડની હેરાફેરી કરવા ઉપર પણ પ્રતિબંધ છે.

મતદારોની વ્યવસ્થા જાળવવા ઉભા કરવામાં આવતા મંડપ, પંડાલ, ટેબલોની સંખ્યા પણ ૨ જ રાખી શકાય અને એ પણ મથદાન મથકથી ૨૦૦ મીટર દૂર. કોઈપણ સંસ્થાની જાહેર મીલ્કત કે કોઈની વ્યક્તિગત મીલ્કતમાં પરવાનગી સીવાય જાહેરાત, પેમ્ફલેટ કે બેનર મુકી શકાય નહિ કે લખી શકાશે નહિ. સરકારી મકાન, બિલ્ડીંગો ઉપર ચૂંટણી લક્ષી, ઉમેદવારની જાહેરાત કરતું સાહિત્ય ચોટાડવા કે લખવા બદલ કાર્યવાહી કરવામાં આવશે.

તાજેતરમાં જ ડીજીપીએ પત્ર દ્વારા તાબાના અધિકારીઓ, પોલીસ સ્ટેશનમાં જણાવેલ છે કે જાહેરનામા ભંગની ફરીયાદ સબંધીત અધિકારી દ્વારા માત્ર કોર્ટમાં જ દાખલ થઈ શકશે, પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધી શકાશે નહિ. કોર્ટમાં પુરાવાના તથા સાક્ષીના અભાવે સબંધીત અધિકારી દ્વારા કરવામાં આવેલ ૩૦૦ જેટલી ફરીયાદ નામદાર કોર્ટમાં પેન્ડીંગ છે જે કાઢી નાંખવાની દરખાસ્ત કરવામાં આવેલ છે તથા મેજીસ્ટ્રેટને આવી ફરીયાદો કાઢવા પાવર આપેલ છે જેથી કોર્ટનો સમય બચે તથા વધુ જરૂરી એવા કેસો ચલાવી ન્યાય આપી શકાય. નામદાર કોર્ટના હુકમ મુજબ તમામ મતદાન કેન્દ્રોમાં વીવીપેટ મશીનો દ્વારા જ મતદાન કરાવવાનું રહેશે જેથી મતદાતા પોતાનો મત જે ઉમેદવારને આપ્યો હોય તેની ખરાઈ કરી શકે. મતદાન યાદીમાં પણ તા.૨૫/૧૦/૨૦૧૭ સુધીમાં જરૂરી સુધારાઓ કરી જીલ્લા કલેકટર કચેરીમાં નવી મતદાર યાદી ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

હાઈટેક યુગમાં સોશ્યલ મીડીયા ઉપર પ્રચાર પ્રસારનો મારો વધુ રહેવાનો તેથી સાયબર ક્રાઈમ તથા જાહેરનામા તથા આચાર સહિતા ભંગ બદલ સાયબ ક્રાઈમ મુજબ પણ ફરીયાદોમાં વધારો થઈ શકે છે ખોટું લખાણ પ્રસિધ્ધ કે પબ્લીસ કરવું અસભ્યતાથી સંદેશાઓની આપલે કરી ઉમેદવાર વિરૂધ્ધ પ્રચાર કરતા પહેલા ચેતવું જરૂરી છે. વોટ્સઅપ, ફેસબુક, ટયુટર ઉપર રાજકિય પક્ષો તથા ઉમેદવારો ઉપર કટાક્ષનો મારો ચાલે છે જેના ઉપર પણ પ્રતિબંધ મુકવા જરૂરી કાયદા ઘડવા જોઈએ તેવી માંગ ઉઠી છે.